

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*મળી સ્વીસ-બેન્કની યાદી, ઘો હવે તબેલે તાળું !*
*કપાઈ ગ્યાં 'આરે'માં વૃક્ષો - ઘો હવે તબેલે તાળું !*
*નાશી ગયા ઘોડા વિદેશ ઘો તાળાં હવે બેન્કોને -*
*માને ન કોઈ કોર્ટ - આદેશ, ઘો હવે તબેલે તાળાં...*

### હાઈકુ

*પહોંચે ન્યાય*
*સર્વ વિનાશ પછી -*
*ફિલ્મી ઢબે*

*કોર્ટ પ્રેક્ષક -*
*ન્યાય જાય જેલમાં -*
*રડે કાયદા...*

### ચિંતન

**યદા ન અહં તદા મોક્ષઃ યદા અહં બંધનં તદા ।**
**મત્વા ઈતિ હેલયા કિંચિત્ મા ગૃહાણ વિમુંચ મા ॥**

ઉપરોક્ત શ્લોક અષ્ટ્રાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

જયારે અહં નથી ત્યારે મોક્ષ છે. અને જયારે અહં છે ત્યારે બંધન છે. આ પ્રમાણે સહજ રીતે વિચારીને કાંઈ ગ્રહણ પણ નકર કંઈ ત્યાગ પણ ન કર.

અહંભાવ છે ત્યાં સુધી બધું બંધન પણ છે. જો અહંભાવ નથી તો મોક્ષ જ છે, એવું સહજ રીતે વિચારો,પરાણે કે પ્રયત્નપૂર્વક નહીં, કારણ, એમ કરવા જતાં તો વિચાર પણ કૃત્ય બને છે અને અહં ઊલટાનો વધુ મજબૂત બને છે. આથી કહેવાયુ છે કે સહજપણે વિચારીને, ખરી રીતે કહીએ તો સહજ રીતે સ્વીકારીને !! વળી વિચાર કરવામાં મહેનત પણ છે, ને મહેનતમાં અહં ને રસ પડે છે. સહજ સ્વીકારવામાં અહં આવતો જ નથી.

જ્યાં અહં આવે છે ત્યાં પાછળ ઘણું આવે છે, ને પછી એ બધાંના જ એવા વીંટળાઈ જવાય છે કે છૂટાતું જ નથી. અહં આવતા મમ પણ આવે છે. અહં ન હોય તો એ કાંઈ ન હોય, દેહભાવ પણ ન હોય!!

### સુવિચાર

- મેં અંધેરા હું તો અફસોસ કયું કરું... મુઝે ગુરુર હૈ રોશની કા વજૂદ મુઝસે હે - **રિઝવાન ગુજરાતી**
- ઈર્ષ્યા ઉદ્ભવે તો ઈશ્વરને યાદ કરો - **પરેશ પુરોહિત**
- હંસની દૃષ્ટિ રાખવાથી જીવન ગુણોનો ખજાનો બનશે,
  કાકની દૃષ્ટિ રાખવાથી જીવનદોષોનો ખજાનો બનશે - **આચાર્ય વિજયરાજ**
- માનવી બીજાના દુઃખને ભોગે સુખ ભોગવવામાં શરમ અનુભવતો નથી - **બોધિ વૃક્ષ**
- સફળ માણસ એ જ છે કે જે તૂટેલા ને બનાવી જાણે અને રૂઠેલાને મનાવી જાણે - **નવનિત**
- જેનું મન વિષયોથી વૈરાગ્ય તરફ જાય તેનું જીવન ધન્ય - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : સરસવ તેલનું માલિશ કરવાથી શીળસમાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શેઠને દુર્લભ કિમતી હોય એવો હીરો ખરીદવો હતો. એણે શહેરના ખ્યાતનામ ઝવેરીની દુકાને જવાનું થયું. ઝવેરીએ પોતાની દુકાનમાં કામ કરતા એક વિશ્વાસુ અને હોંશિયાર યુવાનને આ કામ સોંપ્યું. યુવાને હીરો કેટલો મૂલ્યવાન છે અને કેમ આ મૂલ્યવાન છે તેની બધી જ ટેકનિકલ માહિતી શેઠને સમજાવી. એકાદ કલાકની ચર્ચા પછી યુવાન શેઠને હીરો ખરીદવા સમજાવી ન શક્યો. આ વાત ઝવેરીને ખબર પડતા ઝવેરીએ શેઠને કહ્યું, 'સાહેબ, આપની પરવાનગી હોય તો એ જ હીરો હું આપને ફરી વખત બતાવું.' પેલા શેઠે થોડી નારાજગી સાથે હા પાડી. ઝવેરીએ પેલા સેલ્સમેન યુવાને કહેલી એક પણ વાત દોહરાવી નહીં. એણે માત્ર હીરાને પોતાની હથેળીમાં રાખી એના પર એટકશે તાકી રહીને એની સુંદરતાને એવી રીતે વર્ણવી કે શેઠે હીરો ખરીદી લીધો. શેઠે હીરો ખરીદીને ઝવેરીને પૂછ્યું, 'મને નવાઈ લાગે છે કે તમારો નિષ્ણાત સેલ્સમેન ન કહી શક્યો તે તમે દસ જ મિનિટમાં કેવી રીતે કહી શક્યા ?' ઝવેરીએ કહ્યું, 'શેઠજી, અમારો વિશ્વાસુ અને હીરાનો પારખુ એ યુવાન ધંધામાં ખૂબ જ કાબેલ છે. હીરા વિશે મારા કરતાંય વધુ જાણે છે. એની જાણકારી ને પ્રવીણતા માટે હું એને ખાસ્સો પગાર ચૂકવું છું પણ એનામાં જે ખૂટે છે એ મારી પાસે છે એ હીરાની જાણકારી ધરાવે છે, જયારે હું હીરાને ચાહું છું.'

તમારા ધંધા-વ્યવસાય સાથે જાણકારી હોવી ઉપરાંત એની ખરી ચાહત પણ હોવી જોઈએ તો જ વાત બને.

# ઘરનો દીવો જ આગ બન્યો

**તંત્રીસ્થાનેથી...**

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાશીદ અલવીએ કોંગ્રેસની વર્તમાન દુર્દશા પર અફસોસ વ્યક્ત કરતાં ઉપર મુજબનું નિવેદન આપ્યું છે. ઘરને કોઈ બહારનાં તોફાની તત્ત્વોએ નથી સળગાવ્યું : ખુદ ઘરનો દીવો જ દુશ્મન બન્યો છે. આ ખૂબ જ કરુણાજનક સ્થિતિ છે. ઘરમાં અજવાળું પાથરનારો દીવો જ ઘરને સળગાવી મૂકે ત્યારે રાવ પણ કોને કરવી ! કોંગ્રેસ રૂપી ઘર માટે આ ઘરદીવડો કોણ ? રાશીદ અવલી તો મુસ્લિમ નેતા અને જાણીતા દારાશાસ્ત્રી સલમાન ખુરશીદને ટાર્ગેટ કરવા માગતા હશે; કોંગ્રેસની આ જુગજૂની પરંપરા છે કે સમોવડિયો નેતા કોઈને ગમતો નથી. બધા નહેરુ-ગાંધી પરિવારના દરબારમાં જઈ એકી અવાજે કુરનિશ બજાવશે, પણ એકબીજાની સાથે કૂતરાં-બિલાડાંની જેમ બાઝશે; એકબીજા પર કીચડ ઉછાળશે અને હાઈકમાંડ આગળ પોતે જ સૌથી વફાદાર અને અસરદાર નેતા હોવાની બડાશ હાંકતા ફરશે. એકાદ દિવસ અગાઉ સલમાન ખુરશીદે દર્દનાક છતાં સો ટકા સાચું, સો ટચના સોના જેવું ટકોરાબંધ નિવેદન કર્યું હતું. ખુરશીદ આલમખાન કોંગ્રેસના મુસ્લિમ ચહેરા તરીકે ઈંદિરાયુગમાં જાણીતા હતા; બીજા એક રફી અમહદ કિડવાઈ નહેરુથી ઈંદીરા યુગ સુધી ચાલ્યા. એમની એક્ઝિટ પછી એમના વારસદારો મેદાનમાં આવ્યા. કિડવાઈ અને ખુરશીદ પરિવાર કોંગ્રેસ પર ખાસ્સો પ્રભાવ ધરાવતા હતા. ગુલામ નબી આઝાદ, અહમદ પટેલ અને તારીક અનવરની યુવા ત્રિપુટી સંજય ગાંધી અને તે પછી રાજીવ-સોનિયા કાળમાં વધુ અસરકારક બની ગઈ છતાં ઉત્તરપ્રદેશ અને હિંદી-ઉર્દૂ બેલ્ટના નેતાઓને પણ એમના કદ મુજબ વજન મળતું રહ્યું. સલમાન ખુરશીદને ઉત્તરપ્રદેશના સંગઠનનું સુકાન સોંપ્યા પછી ધબકડો થયો ત્યારે હાઈકમાંડની આંખ ફરકી પણ બૂંદ સે ગઈ હોજ સે નહીં આતી. સોનિયા ગાંધીએ એમના ગુજરાતી સલાહકાર અહમદ પટેલની સલાહ મુજબ સતત લઘુમતીઓ તરફી વલણ દાખવ્યું. જેના કારણે હિંદુ વોટબેંકનું ધ્રુવીકરણ કરવામાં અડવાણીથી લઈ મોદી અને યોગી આદિત્યનાથ જેવા નેતાઓને સાનુકૂળ વાતાવરણ સાંપડ્યું. રાહુલ ગાંધી એક સજ્જન વ્યક્તિ છે પણ રાજકારણમાં ચાલે એવા નથી, એનો એમને પોતાને અહેસાસ હતો. કાર્યકર્તાઓએ મૈયાને બદલે યુવાન ભૈયાનો રાજયાભિષેક કરાવ્યો એમાં તો મૈયા પણ રાજી હતા. પરંતુ ભૈયાના કિસ્મતનો પડિયો કાણો નીકળ્યો. રાહુલ ગાંધીને મોડે મોડે એમના શાણા સલાહકારોની શિખાણમ ગળે ઊતરી એટલે એ ગુજરાત આવતા ત્યારે પણ અહમદ પટેલને સાથે નહોતા લાવતા. વળી અગાઉથી જ પ્રદેશમાં જવાના હોય ત્યાંનાં દેવસ્થાનો અને સાધુ મહાત્માઓની યાદી મેળવી એમના પ્રવાસનું આયોજન કરતા. જો કે એમના ઉછેર પાશ્ચાત્ય પરિવેશમાં થયેલ હોઈ એ જમીની સ્તર પર કયારેય કનેક્ટ ન થઈ શક્યા. પોતે મોદીની સરખામણીએ સાલસ, દેખાવડા અને નિખાલસ યુવાન હોવા છતાં એ દેશના યુવા વર્ગ કે મહિલા વર્ગને પણ આકર્ષી ન શક્યા. ચૂંટણીમાં અણધાર્યો ધબડકો જોઈ હતાશ થઈ ગયા અને નૈતિકતાના ધોરણે હારની જવાબદારી સ્વીકારીને અધ્યક્ષ પદ છોડી દીધું. રઝળી પડેલા રાષ્ટ્રીય પક્ષે હારનાં કારણોનું પણ સરખું પૃથ્થકરણ નથી કર્યું, તે વાત સાચી છે. સલમાન ખુરશીદ પણ સાચા છે, રાશીદ અલવી પણ સાચા છે અને ઊભરતા નેતા જયોતિરાદિત્ય સિંધિયા પણ સાચા છે. કોંગ્રેસની નાવ સુકાની વગરની થઈ મધદરિયે ડૂબી રહી છે. વૃદ્ધ ઈટાલિયન લેડી હવે એને તારીને કિનારે આણી શકે એ વાતમાં માલ નથી.

# જલ્દીથી રીઝે એ આશુતોષ



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

કાંપીલ્ય નામનું નગર હતું એના રાજપુરોહિત યજ્ઞદત્ત હતા. એમનામાં જ્ઞાન અને સંસ્કાર હતા. રાજા, મંત્રીઓ અને લોકો પાસે એની પ્રતિષ્ઠા હતી.

એમને પરિવારમાં પત્ની મનોરમા અને પુત્ર ગુણનિધિ હતો.

ગુણનિધિ યુવાન થયો અને તકલીફ શરૂ થઈ. વિચારશીલ ન હતો, અણસમજુ હતો; તેથી ખરાબ સોબતે ચડી ગયો. ગામના રખડુ યુવકોના કુસંગે ચડી ગયો. ગુણનિધિને જુગાર અને દારૂ-બંને વ્યસનો લાગુ પડી ગયા. કુસંગી મિત્રોની સાથે આ રીતે સમય પસાર કરતો.

મનોરમાથી આ છૂપું ન રહ્યું. એને ખબર હતી. પરંતુ એણે આંખ આડા કાન કર્યા. અને અટકાવ્યો નહિ. ખરાબ તો આ થયું - યજ્ઞદત્ત પૂછે, તો આડાઅવળાં જવાબ આપી દે. 'ગુણનિધિ મંદિરે ગયો છે', 'આશ્રમે ગયો છે.'

આ બંને વ્યસનો માટે દ્રાવ્ય તો જોઈએ જ. એ ઘરમાંથી ચોરી જતો. પછી તો માતા પાસેથી ઝૂંટવીને, આચંકીને લઈ જતો. હવે માતાએ એને સમજાવ્યું - 'તું આ બધું છોડી દે. આપણો પરંપરાગત ગુણધર્મ વિદ્યાભ્યાસનો છે. રાજાને તારી દુષ્ટતાની ખબર પડશે, તો તારા પિતાને રાજસેવામાંથી છૂટા કરી દેશે.' ગુણનિધિ ન માન્યો. કુસંગને માર્ગે આગળ વધતો ગયો. મનોરમાને પસ્તાવો થતો હતો. પરંતુ એણે યજ્ઞદત્તને વાત જ ન કરી.

એક વાર યજ્ઞદત્ત પોતાને ઘરે આવતા હતા. એક યુવક પોતાની નજીકથી પસાર થયો. એની આંગળી ઉપર પોતાની વીંટી હતી ! એને આઘાત થયો. પૂછ્યું - 'તમારી પાસે કયાંથી ?' મને આપી દો. નહિતર, રાજા પાસે ફરિયાદ કરીશ.' યુવકે સહજતાથી ખુલાસો કર્યો - 'આ વીંટી ગુણનિધિ જુગારમાં હારી ગયો છે. એટલે હવે મારી છે. યત્રદત્તને વધુ આઘાત લાગ્યો. એને ત્યારે જ ખબર પડી.'

મનોરમાએ પતિ પાસે હવે બધી કબૂલાત કરી લીધી. બંને વચ્ચે કલહ અને પછી રોકકળ થઈ. ગુણનિધિ છૂપાઈને સાંભળતો હતો. એ ઘર છોડીને નાસી ગયો.

એ તિથિ શિવરાત્રિની હતી. આખો દિવસ રઝળપાટમાં ખાવા ન મળ્યું. માર્ગમાં એક શિવમંદિર આવ્યું. એ અંદર ગયો. અંદર શિવપૂજન શરૂ થયું. પછી આરતી થઈ. પછી કીર્તન શરૂ થયા. પછી પ્રસાદ વિતરણ થયું. એણે પ્રસાદ લીધો. મધરાત થઈ હતી. બધા મંદિરમાં સૂઈ ગયા.

હવે ગુણનિધિએ પોતાનું ઉપવસ્ત્ર ઉતારીને દીવામાં ધર્યું. એના પ્રકાશમાં એણે પ્રસાદનો થાળ ઉપાડ્યો. પરંતુ કોઈકની ઠેસ વાગી. થાળ મોટા અવાજ સાથે નીચે પડ્યો. લોકો જાગી ગયા. 'ચોર - ચોર' કહીને એને મારવા લાગ્યા. આ મારઝૂડમાં ગુણનિધિનું અવસાન થઈ ગયું.

પરંતુ -

(૧) એ શિવરાત્રી હતી.
(૨) એણે કશું ખાધું ન હતુંય
(૩) પૂજન, આરતી, કીર્તનમાં હાજરી આપી.
(૪) પ્રસાદ ગ્રહણ કર્યો.
(૫) પોતાના વસ્ત્રથી દીપદાન કર્યું.

આથી, ભગવાન શંકરે પોતાના ગણો મોકલ્યા. ગુણનિધિને પોતાના શિવલોકમાં સ્થાન આપ્યું. પછીના જન્મે ગુણનિધિ અલકાનગરીનો રાજા કુબેર થયો. એ રીતે પણ ભગવાને પોતાની પાસે રાખ્યો.

# પૃથ્વી પર સૌથી વધુ ગુરુત્વાકર્ષણ કયાં જોવા મળે છે?

## વિજ્ઞાનજગત



### ખજાનો

અનિલ પટેલ

૧ અંતર માપવાનો સૌથી મોટો એકમ કયો છે ?
(અ) પારસેક (બ) માઈલ
(ક) કિલોમીટર (ડ) મીટર

૨ પૃથ્વી પર સૌથી વધુ ગુરુત્વાકર્ષણ કયાં જોવા મળે છે ?
(અ) વિષુવવૃત્ત પર (બ) મકરવૃત્ત પર
(ક) કર્કવૃત્ત પર (ડ) ધ્રુવ પ્રદેશ પર

૩ બેરોમીટરનો પારો એકાએક નીચે ઉતરે તો શાની સંભાવના રહે છે ?
(અ) વાવાઝોડાની (બ) વરસાદની
(ક) હવામાં ભેજ ઘટવાની (ડ) હવામાં ભેજ વધવાની

૪ શિયાળામાં લોલક ઘડીયાળની ગતિમાં શું ફેરફાર થાય છે ?
(અ) ગતિ વધે (બ) ગતિ ઘટે
(ક) ગતિમાં કોઈ ફેરફાર ન થાય (ડ) કંઈ કહી શકાય નહીં

૫ ચોકનું રાસાયણિક નામ શું છે ?
(અ) કેલ્શિયમ ફોસ્ફેટ (બ) કેલ્શિયમ ડાયોકસાઈડ
(ક) કેલ્શિયમ કાર્બોનેટ (ડ) કેલ્શિયમ કલોરાઈડ

૬ યુડોમીયરનો શું ઉપયોગ થાય છે ?
(અ) હવામાં ભેજ માપવા (બ) હવાનું દબાણ માપવા
(ક) હવાની ગતિ માપવા (ડ) વરસાદ માપવા

૭ લીંબુના રસમાં પીએચનું પ્રમાણ કેટલું હોય છે ?
(અ) ૨ (બ) ૨.૨
(ક) ૩ (ડ) ૩.૩

૮ ડેસીબલ શું માપવાનો એકમ છે ?
(અ) ધ્વનીની તીવ્રતા (બ) પ્રકાશની તીવ્રતા
(ક) ઉષ્મા અસર (ડ) યુવી અસર

૯ મેઘધનુષમાં સૌથી વચ્ચે કયો રંગ હોય છે ?
(અ) જાંબલી (બ) લીલો
(ક) પીળો (ડ) રાતો

૧૦ કયો વાયુ આંખમાં જવાથી અશ્રુ આવી શકે છે ?
(અ) કલોરીન (બ) કાર્બન મોનોકસાઈડ
(ક) નાઈટ્રોજન (ડ) એમોનિયા

૧૧ કયા ગ્રહો જોડિયા ગ્રહો તરીકે ઓળખાય છે ?
(અ) બુધ-શુક્ર (બ) બુધ-પૃથ્વી
(ક) પૃથ્વી-શુક્ર (ડ) પૃથ્વી-મંગળ

૧૨ ટાઈલીન નામનું એન્જાઈન શામાં હોય છે ?
(અ) જઠરમાં (બ) યકૃતમાં
(ક) પેશાબમાં (ડ) લાળમાં

૧૩ કયો વાયુ ફુલોનો રંગ ઉડાવી નાખે છે ?
(અ) સલ્ફર (બ) કલોરીન
(ક) એમોનિયા (ડ) ઓર્ગેન

૧૪ કયું ધાતુ તત્ત્વ સામાન્ય તાપમાને પ્રવાહી સ્વરુપે મળે છે ?
(અ) મર્ક્યુરી (પારો) (બ) શીશુ
(ક) સોડિયમ (ડ) ગેલ્વેનાઈઝ

૧૫ કયો ગ્રહ બ્લ્યુ પ્લેનેટ તરીકે ઓળખાય છે ?
(અ) મંગળ (બ) શુક્ર
(ક) શનિ (ડ) પૃથ્વી

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૧ ઓક્ટોબર :**
  - રાષ્ટ્રીય કેળવણીકાર અને પ્રખર ગાંધીવાદી મગનભાઈ પ્રભુદેસાઈનો જન્મદિવસ (૧૮૯૯)
  - ફિલ્મ સ્ટાર અમિતાભ બચ્ચનો જન્મદિવસ (૧૯૪૨)
  - જયપ્રકાશ નારાયણનો જન્મદિવસ (૧૯૦૨)
  - જાણીતા સાહિત્યકાર સુરેશ દલાલનો જન્મદિવસ (૧૯૩૨)
- **૧૨ ઓક્ટોબર : વિશ્વ દૃષ્ટિ દિવસ / કોલંબસ દિવસ**
  - ૧૨ ઓક્ટોબર ૧૪૯૨ના દિવસે કોલંબસ જળમાર્ગે અમેરિકા પહોંચ્યો.
  - સાહિત્યકાર પ્રહલાદ પારેખનો જન્મદિવસ (૧૯૧૨)
  - કવિતાના સર્જક રાજેન્દ્ર શુક્લની જન્મજયંતિ (૧૯૪૨)
  - રસિકભાઈ ઝવેરીની પુણ્યતિથિ (૧૯૭૨)
- **૧૩ ઓક્ટોબર : ઈન્ટરનેશનલ ડે ફોર ડીઝાસ્ટર રિડકશન**
  - બોલીવુડના દાદામુનિ અશોક કુમારનો જન્મદિવસ (૧૯૧૧)
  - તેજસ્વી અને પ્રખર ધારાશાસ્ત્રી ભૂલાભાઈ દેસાઈનો જન્મદિવસ (૧૮૭૭)
  - પાર્શ્વગાયક કિશોરકુમારની પુણ્યતિથિ (૧૯૮૭)
  - સમાજસેવી સિસ્ટર નિવેદિતાનું નિધન (૧૯૧૧)
- **૧૪ ઓક્ટોબર : વિશ્વ માનવ દિવસ**
  - સમર્થ સિતાર વાદક નિખીલ બેનર્જીનો જન્મદિવસ (૧૯૩૧)
  - વિશ્વ શાંતિના પ્રણેતા અમેરિકન પ્રમુખ આઈઝન હોવરનો જન્મદિવસ (૧૮૯૦)
  - ક્રિકેટર ગૌતમ ગંભીરનો જન્મદિવસ (૧૯૮૧)
  - અમેરિકન ૧૭૫ વિમાનોએ વિયેટનામ પર બોમ્બ વર્ષા કરી (૧૯૬૬)
- **૧૫ ઓક્ટોબર : યુવા નવ જાગૃતિ દિવસ**
  - સાહિત્યકાર શેખાદમ આબુવાલાનો જન્મદિવસ (૧૯૨૯)
  - સંગીતકાર દિલીપ ધોળકીયાનો જન્મદિવસ (૧૯૨૧)
  - ભારત રત્ન અબ્દુલ કલામનો જન્મદિવસ (૧૯૩૧)
  - સાહિત્યકાર મનુભાઈ પંચોળીનો જન્મદિવસ (૧૯૧૪)
- **૧૬ ઓક્ટોબર :**
  - રાષ્ટ્રવીરનું પ્રજાકીય બિરુધ પામેલા 'રાષ્ટ્રવીર' છેલભાઈ દવેનો જન્મદિવસ (૧૮૮૯)
  - સ્વતંત્ર ઈઝરાયેલના પ્રથમ વડા ડૉ. ડેવિડ બેન-ગુરિયનનો જન્મદિવસ (૧૮૮૯)
  - વિશ્વ અન્ન દિવસ
- **૧૭ ઓક્ટોબર :**
  - ક્રિકેટર અનિલ કુંબલેનો જન્મદિવસ (૧૯૭૦)
  - સમાજસેવક બળવંત મનવરનો જન્મદિવસ (૧૯૪૩)
  - વેદાંતલના અભ્યાસી સ્વામી રામતીર્થની પુણ્યતિથિ (૧૯૦૬)
  - અભિનેત્રી સ્મિતા પાટીલનો જન્મદિવસ (૧૯૫૫)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**યુનાઈટેડ નેશન્સ (યુએન)ના હાલના મહામંત્રી કોણ છે?**

**જવાબ : એન્ટેનીયો ગુટર્સ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ - ૧૨૨૨/૨, સે-૭ડી, (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ, (૪) હાર્દિક આર મકવાણા : સે-૨૪, (૫) આકાશ જી. પટેલ : સરગાસણ, (૬) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ, (૭) રૂચિત આર પટેલ : રાંદેસણ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કોણે અને કયારે કરી હતી?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# દિવાળી આવી... શું શું લાવી ?



## હળવે હૈયે

પ્રકાશ લાલા

દિવાળી આવી... શું શું લાવી ?

શાળાના શિક્ષકે વર્ગખંડમાં વિદ્યાર્થીઓને કહેવત શીખવી : 'તાળી કદી એક હાથે ના પડે...'

સાંજે શાળા છૂટ્યા પછી ઘરે જતાં એ શિક્ષકનું સ્કૂટર કોઈ સાઈકલવાળા સાથે અથડાયું એટલે 'ગુરુજી' તો બગડ્યા અને પેલાનો વાંક કાઢી, એને મારવા લીધો... ત્યારે પસાર થઈ રહેલા તેમના વિદ્યાર્થીઓ આ જોઈ હળવેથી કહ્યું 'સર, તાળી કદી એક હાથે ના પડે.... એક્સીડેન્ટમાં બેય જણનો થોડો ઘણો વાંક તો હોય...' આ સાંભળી ગુરુજી સાઈકલવાળાને પડતો મૂકી પેલા વિદ્યાર્થી જોડે ઝઘડવા માંડ્યા : 'બેસ, બેસ... દોઢ ડાહ્યા... કંઈ સમજણ પડતી નથી ને વચ્ચે કૂદી પડે છે!!'

મતલબ માણસને - આપણને જ્ઞાન બધું છે... બોલીને - બીજાને કહીને એ પ્રદર્શિત કરવામાં આપણે કોઈ પાછા નથી પડતા... પણ એ જ્ઞાનને આચરણમાં ઉતારવાનો ઉત્સાહ મંદ હોય છે...

મેગેઝીન વાંચતાં વાંચતા અને આવા બધા વિચારોમાં ડૂબી ગયા હતા ત્યાં શ્રીમતીજીએ બૂમ પાડી : 'કહું છું, સાંભળો છો!'

'તમારો ઘાંટો જ એવો છે કે આ મને જ નહીં, આજુબાજુવાળાઓને પણ સંભળાયું જ હશે...' અમે કહ્યું...

'બસ હવે...' કહેતાં શ્રીમતીજી સન્મુખ આવી ગયાં ને બોલ્યાં : 'કાલે સવારે વહેલા ઊઠજો...'

'કેમ, કયાંય બેસણામાં જવાનું છે ?'

'ના... હવે...'

'તો ?'

'નવરાત્રી ગઈ... હવે દિવાળી આવશે ને ?' એમણે અકળાઈને કહ્યું...

'સીધી વાત છે... નવરાત્રી પછી દિવાળીના તહેવાર આવે છે...'

'બસ હવે... તમારું ડહાપણ ડહોળવાનું રહેવા દઈ, મારી વાત સાંભળો... દિવાળી આવે છે એટલે હવે ઘરની સફાઈ-દિવાળીની તૈયારી કરવાનું કામ શરૂ કરવું પડશે ને ? એટલે કહું છું કે કાલે સવારે વહેલા ઊઠીને માળિયાની સફાઈથી શુભ શરુઆત કરવાની છે... તમારે માળિયે ચઢવું પડશે...' શ્રીમતીજીએ અમને વચ્ચે બોલવા - દલીલ કરવાની તક આપ્યા વિના એમનું જાહેરનામું સંભળાવી દીધું...

'પણ... મોર્નિંગ વૉકનું શું...?'

'હવે અઠવાડિયું નો મોર્નિંગ વૉક, ઓન્લી દિવાળી વર્ક' સવાર સવારમાં કામ કહી લેવાનું સારું પડે છે...' ગૃહમંત્રીએ ફરમાન બહાર પાડી દીધું... તોય અમે એમાંથી છટકવા દલીલ કરી : 'હવે આ ઉંમરે...'

'માળિયે જ ચઢવાનું છે. ડુંગરો ચઢવાનો નથી... અરે સીડી મૂકીને જવાનું છે... કંઈ કૂદકો મારીને જવાનું નથી કહેતી, સમજ્યા?'

'હં... ખાલી માળિયાની જ સફાઈ કરવાની છે ને...'

'ના... માળિયા પછી ગાદલાનું કબાટ, અભરાઈઓ, પંખા-ટ્યુબલાઈટની સફાઈ કોણ કરશે ? આપણે બંનેએ 'સાથી હાથ બઢાના' ગાતાં ગાતાં કરવાની છે, સમજ્યા ?'

શ્રીમતીજીએ અમને બધું સજ્જડબધ સમજાવી દીધું... અમે કાલની ચિંતામાં આજે માથે હાથ દઈ બેસી પડ્યા. ત્યાં 'પનુભાઈ, ઘરમાં છો કે ?' કહેતા અમારા રોજના લોહીના - સોરી, ચાના પીનારા લાલાકાકા પધાર્યા.

અમે પૂછ્યું : 'અંકલ, તમારો રામલો કામ કરે છે ?' 'પનુભાઈ, કેવો પ્રશ્ન કરો છો, યાર... રામલો હોય તે કામ ન કરે તો શું કરે ?' અંકલ ઉવાચ...

'એમ નહીં... મારો મતલબ છે તમારો રામલો દિવાળીનાં એક્સ્ટ્રા કામ કરે છે ખરો ?'

'હા... એક્સ્ટ્રા પૈસા આપો તો એક્સ્ટ્રા કામ કરે જ ને...'

અંકલની વાત સાંભળી અમને નિરાંત થઈ કે, 'ચાલો, એમના રામલાને પકડી લાવીશું તો મારી છૂટ્ટી થશે.'

'અંકલ, એને અમારે ત્યાં કાલે મોકલજો ને... દિવાળીનું કામ કરવા...'

'ના, હોં... પનુભાઈ... એ તો કાલથી બે દિવસ અમારે ત્યાં ને પછી બીજાં ચાર ઘરનું બબ્બે દિવસના એક્સ્ટ્રા દિવાળી કામનું એડવાન્સ બુકીંગ કરીને બેઠો છે... એટલે તમારે ત્યાં...'

'હેં ?'

'હા... અઠવાડિયા પછી વાત જાય... ને એ ય પૂછવું પડે...' અમને ટાઢા પાણીએ નવરાવી નાખ્યા...

હવે તો અમારે જ 'હિંમતે મર્દા તો પલાણે મડદાં' કહીને માળિયે ચઢવું પડશે ને પંખે લટકવું પડશે... એ વિચારે ઉદાસ થઈ જવાયું...

'શું થયું, પનુભાઈ ? કેમ આમ ઉદાસ વદને બેસી ગયા છો ?' અંકલે ઈન્કવાયરી કરી...

'અંકલ, દિવાળીનું કામ કાલથી કરવું પડશે ને !'

'હા... પણ ભાઈ દિવાળીની ખુશી મનાવવી હોય, સારું સારું ખાવું હોય તો મહેનતેય કરવી જ પડે ને !! કહ્યું છે ને કે 'જે કરે સેવા તે પામે મેવા' અને 'મહેનતનાં ફળ મીઠાં' ને 'કઠણ પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી...'

અંકલનાં આવા ઉપદેશાત્મક વિધાનો સાંભળી અમને ગુસ્સો આવ્યો : પોતે રામલા પાસે કામ કરાવે છે ને અમને 'પરિશ્રમનો વિકલ્પ નથી' સમજાવે છે...!!

'પનુભાઈ એ તો ઉપકાર માનો આ તૈયાર મઠિયાં, ચોળાફળી વેચનારાઓનો... નહીં તો પહેલાં તો તમારી કાકી દિવાળીની સફાઈમાં અમને જોતર્યા પછી મઠિયાં, સુંવાળી, ચોળાફળીના લોટ ઝૂડવાતી હતી, બોલો.'

'હોં ?'

'હા...'

કહેતાં અંકલે, અમારા શ્રીમતીજીએ ધરેલા ચાનો કપ ગ્રહણ કરી, હોઠે લગાવ્યો ને અમારું દુઃખી દિલ ગાઈ ઊઠ્યું : 'દિવાળી આવી... દિવા ને ખુશી લાવી?'

ના...ના... પહેલાં તો દિવાળી આવી... ઝાડુ ને ઝંડો લાવી... પોતાં ને મસોતા લાવી... સફાઈ ને પરિશ્રમ લાવી...'